| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૧/૦૫/૨૦૨૩  રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઈન ટીમે સ્થળ પર તુર્તજ પહોચી એક કિશોરીના બાળ લગ્ન થતા અટકાવેલ

તા.૧૮/૦૫/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક જાગૃત નાગરીકનો ફોન આવેલ કે દસક્રોઈ તાલુકાના એક ગામમાં એક કિશોરીના બાળ લગ્ન થઈ રહેલ હોય આપની ટીમ મોકલી આપો. જેથી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનની અભયમ હેલ્પ લાઈન ટીમ તુરંત ફોન ઉપર જણાવેલ ગામમાં પહોચી જતા જાણવા મળ્યુ કે પિઠીની વિધી ચાલુ થઈ રહી હતી જેથી કિશોરીના માતા-પિતાને બોલાવી કિશોરીની ઉંમર બાબતે પુછતા ૧૮ વર્ષની જણાવેલ જેથી સાચી ઉંમર જાણવા માટે કિશોરીના જન્મનો પુરાવો માગતા આનકાની કરી છેવટે આધાર કાર્ડ આપતા જેમાં કિશોરીની ઉંમર ૧૪ વર્ષ ૧૦ મહિનાજ હતી. જેથી તેના માતા-પિતાને જણાવેલ કે આ લગ્ન થઈ શકે નહી લગ્ન કરવા માટે કિશોરીની ઉંમર ૧૮ વર્ષથી વધારે અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધારે હોવી જોઈએ તમારી પુત્રીની ઉંમર લગ્ન કરવા માટેની ન હોવાથી આ લગ્ન કરવા એક ગુનો છે અને જો તેમ છતા લગ્ન કરાવશો અને કાયદાનુ પાલન નહી કરો તો કાયદેસર કાર્યવાહી થશે તેમ સમજ આપેલ અને જાન વિશે પુછતા રસ્તામાં હોવાનુ જણાવતા જાન પરત કરવાનુ કહી આ બાબતે બાળ પ્રતિબંધક અધિકારી તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈનને જાણ કરી કિશોરીના માતા-પિતાનુ પોતે કિશોરીના૧૮ વર્ષ ઉમર થયા બાદજ લગ્ન કરશે તેવુ લેખીતમાં લખાણ લેવડાવી બાળ લગ્ન થતા અટકાવેલ. આમ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમે તાત્કાલીક લગ્ન સ્થળે પહોચી એક કિશોરીના બાળ લગ્ન થતા અટકાવી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ** :- ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૧૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨૩ લીટર દેશી દારૂ, ૧૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ,૨ રિક્ષા, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૧૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-  સમાચાર યાદી નં.૮૧૭/૨૦૨૩**

**માધવપુરાઃ** કૃણાલીબહેન વા/ઓ હિમાલય મહેરીયા (ઉ.વ.૨૦) (રહે.નીલકંઠ એપાર્ટમેન્ટ અસારવાબ્રીજ નીચે ઈદગાહ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની બારી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.રાઠોડ ચલાવે છે.

**નિકોલઃ** ગણેશભાઇ રતિલાલ વાડેકર (ઉ.વ.૪૦) (રહે. પરષોત્તમગર વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ. ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

**રામોલઃ** આશાબહેન રાજેશભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. સ્વામિનારાયણ વિભાગ-૪ આલોક ટેનામેન્ટ પાસે તક્ષશિલા સ્કૂલ રોડ વસ્ત્રાલ) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૫/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઈ ભુરાભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** અમીશાબહેન વા/ઓ આકાશ શાહ (ઉ.વ.૨૨) (રહે. કંકુશ્રી સોસાયટી દાણીલીમડા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “કે” ડિવિઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી